ભિલોડા તાલુકાના ગ્રામિણ વિસ્તારોમાં

# ભારત વિકાસ પરિષદ,ઓઢવ શાખા દ્વારા ૪૫૦ ગરમ ધાબળાનું વિતરણ



ભિલોડા,તા.૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ગ્રામિણ વિસ્તારોમાં ભારત વિકાસ પરિષદ,ઓઢવ શાખાના પ્રમુખ,મંત્રી સહિત કારોબારી સભ્યો દ્વારા શિયાળાની ફુલગુલાબી કાતીલ કડકડતી તીવ્ર ઠંડીમાં થરથર ધ્રુજતા પ્રજાજનો અને વિદ્યાર્થીઓને રક્ષણ મળી રહે તે આશયથી ૪૫૦ ગરમ ધાબળા,પાણીની બોટલ, ગરમ ટોપી, કપડાનું વિતરણ કરાયું હતું. શાળાઓના શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ અને પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

(૧) બોલુન્દ્રા ગામમાં ૧૨૭ ધાબળા અને પાણીની બોટલ(૨) કમઠાડિયા ગામમાં ૧૨૮ ધાબળા અને પાણીની બોટલ(૩) ઉબસલ ગામમાં ૧૩૦ ધાબળા અને પાણીની બોટલ(૪) અંધારીયા ગામમાં ૩૫ ધાબળા અને પાણીની બોટલ(૫) મઠ ગામમાં ૩૦ ધાબળા અને પાણીની બોટલ(૬) ભુતાવડ ગામમાં ૧૨૮ કપડાં (૭) ભુતાવડ ગામની આશ્રમશાળામાં ૧૭૦ ગરમ ટોપી અને કપડાંનું વિતરણ કરાયું હતું.ભારત વિકાસ પરીષદ,ભિલોડા શાખાના પ્રમુખ મુકેશભાઈ પંચાલ, મંત્રી ચંદ્રકાંતભાઈ પટેલ, જગદીશભાઈ પટેલ, રામઅવતાર શર્મા, હર્ષદભાઈ સોની, કનકસિંહ રાઠોડ, નરેશભાઈ પંચાલ, મહિપતસિંહ રાઠોડ, સંજયભાઈ પંચાલ, સહિત કારોબારી સભ્યો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લી ખાણ ખનીજને આંખે પાટા

અમલાઈ ગામના સ્મશાન પાસેથી ખનીજ માફિયાએ મોટા પ્રમાણમાં માટીનું ખનન કર્યુ



મોડાસા, તા, ૪

અરવલ્લી જીલ્લામાં ખનીજનું ગેરકાયદેસર ખનન અને વાહન મોટા પ્રમાણમાં થઈ રહ્યું છે ખાણખનીજ વિભાગ ધૃતરાષ્ટ્રની ભૂમિકા ભજવી રહ્યું હોય તેમ ખનીજ માફિયાઓને છુટ્ટો દોર મળી ગયો છે બેફામ બનેલા ખનીજ માફિયાઓ મનફાવે ત્યાંથી ખનીજનું ખનન કરી રહ્યા છે મોડાસા તાલુકાના અમલાઈ ગામના વણઝારા સમાજના સ્મશાનની આજુબાજુ થી ગેરકાયદેસર ટ્રેક્ટરથી ગામતળની જમીનમાંથી લાલ માટીનું ખોદકામ કરી મોટા ખાડાઓ ખોદી નાખવામાં આવતા વણઝારા સમાજના લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે ગામતળની જમીનમાંથી માટી ખોદી નાખવામાં આવતા ગામના સરપંચ અને તલાટીને સ્થળપર બોલવી ખનીજ માફિયા સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી હતી

અમલાઈ ગામનો વસંતભાઈ પરમારનામનો શખ્શ વણઝારા સમાજના સ્મશાન નજીક થી ટ્રેક્ટર વડે ગેરકાયદેસર અંદાજે ૫ થી ૧૦ હજાર ટન જેટલી માટી ખોદી ઈંટવાડા વાળાઓને વેચી નાખી હોવાનો વણઝારા સમાજના આગેવાનોએ આક્ષેપ કર્યો હતો અને ખનીજ માફિયાએ ગામતળની જમીનમાંથી ગેરકાયદેસર ખનીજની ચોરી રોકવા અને ખનીજ ચોરી કરનાર શખ્શ સામે ઘટતી કાર્યવાહી કરવા સ્થળ પર ગામના સરપંચ અને તલાટીને બોલાવી રૂબરૂ લેખિત અરજી આપી રજુઆત કરી હતી.

# CAA કાનૂનના સમર્થનમાં બાયડમાં કેન્ડલ માર્ચ યોજાઈ

**હસ્તાક્ષર અભિયાન હાથ ધરી સમર્થન**




મોડાસા, તા. ૪



સિટીઝનશીપ એમેડમેન્ટ એક્ટ (CAA) અને નેશનલ રજીસ્ટર ઓફ સિટીઝન (એનઆરસી) હાલ અરવલ્લી જીલ્લામાં હોટ ટોપિક છે અરવલ્લી જીલ્લામાં સિટીઝનશીપ એમેડમેન્ટ એક્ટ ના સમર્થનમાં વિવિધ રેલી યોજી લોકો સમર્થન આપી રહ્યા છે બાયડ શહેરમાં સિટીઝનશીપ એમેડમેન્ટ એક્ટ (સી.એ.એ) ને આવકારવા અને સમર્થનમાં બસસ્ટેન્ડ થી પોલીસ સ્ટેશન સુધી કેન્ડલ માર્ચ યોજી ''આઈ સપોર્ટ સી.એ.એ. હસ્તાક્ષર અભિયાન હાથધરવામાં આવ્યું હતું

શુક્રવારે સાંજે, બાયડ શહેરમાં સિટીઝનશીપ એમેડમેન્ટ એક્ટ (સી.એ.એ) ને આવકારવા પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા ની આગેવાની હેઠળ બાયડ બસસ્ટેન્ડ થી રાષ્ટ્રધ્વજ સાથે ત્રિરંગા રેલી સાથે કેન્ડલ માર્ચ માં ''સી.એ.એ કા સમર્થન કૌન કરેગા સારા હિન્દુસ્તાન કરેગા'' ''વંદે માતરમ'' અને ''ભારત માતા કી જય'' ના નારા સાથે પોલીસ સ્ટેશન સુધી જનસમર્થન કેન્ડલ માર્ચ યોજી હતી જેમાં મોટી સંખ્યામાં બાયડ શહેરના અગ્રણીઓ અને નગરજનો જોડાયા હતા જનસમર્થન કેન્ડલ માર્ચ પછી ''આઈ સપોર્ટ સી.એ.એ. હસ્તાક્ષર અભિયાન હાથધર્યું હતું જેમાં મોટી સંખ્યામાં લોકોએ હસ્તાક્ષર કરી અમે સીએએ ના કાયદાને આવકારીએ છીએ નું લખાણ લખ્યું હતું બાયડ પોલીસે કેન્ડલ માર્ચ માં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો

# 'હેંડો હિંમતનગર' સાબર સ્ટેડિયમ ખાતે પંચમ યુવા ઓલિમ્પિયાડ પ્રારંભ







હિંમતનગર, તા, ૪

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ યુવાસંઘ-મહિલાસંઘ દ્વારા સમગ્ર ભારતમાં વસતા પાટીદારોમાં રમત-ગમત ક્ષેત્રે પડેલી પ્રતિભાને પિછાણી તેને યોગ્ય પ્લેટફોર્મ દ્વારા પ્રોત્સાહિત કરવાની આગવી પરંપરા યુવા ઓલિમ્પિયાડ સમાજે શરૂ કરી છે. જેના ભાગરૂપે ઉત્તર ગુજરાતના સાબરકાંઠાના હિંમતનગર સાબર સ્ટેડિયમ ખાતે પંચમ યુવા ઓલિમ્પિયાડને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ દીપ પ્રાગટ્ય કરીને ખુલ્લો મુક્યો હતો.

આ ત્રિ-દિવસીય યુવા મહોત્સવમાં ભારતભરના રાજ્યમાંથી ૨૧( રીજીયન) પ્રદેશના દસ હજારથી વધુ ખેલાડીઓ પસંદ થયા હતા. પસંદગીના અંતે સાબર સ્ટેડિયમ ખાતે ૨૨૫૦ યુવા ખેલાડીઓ પોતાનું તકદીર રમત-ગમત ક્ષેત્રે અજમાવી રહ્યા છે.

'પંચમ' યુવા ઓલિમ્પિયાડને સંબોધન કરતા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતુ કે, સમાજ નિર્માણથી રાષ્ટ્રનું નિર્માણ કચ્છ કડવા પાટીદારોએ દેશ - દુનિયામાં ગુજરાતનું નામ રોશન કર્યુ છે. આ યુવા પાંખની પંચમ ઓલિમ્પિયાડ યોજવા બદલ ખુબ ખુબ અભિનંદન પાઠવું છું. તેમણે વધુમાં જણાવ્યું કે કચ્છી પાટીદારો ઉદ્યમશીલતાને કારણે દેશ અને દુનિયાના અન્ય પ્રાન્તોમાં જઈને અજાણ્યા મુલકમાં આગવી ઓળખ ઉભી કરી છે. આ પ્રસંગે સાબરકાંઠા જિલ્લાના પ્રભારી અને રમત-ગમત અને સહકાર મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ, સાંસદ શ્રી દિપસિંહ રાઠોડ, ઉમિયા માતાજી સંસ્થાન વાંઢાયના પ્રમુખ શ્રી હંસરાજભાઈ ધોળું, જિલ્લા અગ્રણી અને જી.યુ.ડી.સી.ના ચેરમેન જે.ડી પટેલ, હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, પ્રાંતિજના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, ઈડરના ધારાસભ્ય હેતુભાઈ કનોડીયા, સંસ્કારધામ દેશલપરના પ્રમુખ જેઠાભાઈ ચોપડા, ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાના પ્રમુખ મણીભાઈ પટેલ, જિલ્લા કલેક્ટર સી.જે પટેલ, જિલ્લા વિકાસ અધિકારી રાજેન્દ્રભાઈ પટેલ, જિલ્લા પોલીસ વડા શ્રી ચૈતન્ય માંડલીક અને કચ્છ કડવા પાટીદાર સમાજના યુવા સંગઠનના હોદ્દેદારો અને રમતવીરો તથા પાટીદાર સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા

# ભુતાવડ છાપરાં પ્રાથમીક શાળામાં વિદ્યાર્થીઓને સ્વેટર વિતરણ



ભિલોડા, તા.૪

ભિલોડા તાલુકાના ભુતાવડ છાપરાં ગામની ભુતાવડ છાપરાં પ્રાથમીક શાળામાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને સ્વેટરનું વિતરણ કરાતા આનંદની લાગણી પ્રસરી હતી. ભાવેશભાઈ પટેલ,ભાવેશ એગ્રો, પંડ્યા ઈલેકટ્રીક, ઈન્ડીયા સર્કિટ, જી.આઈ.ડી.સી., ગાંધીનગર, હાઈટેક ટીટાનીયમ પ્રોડક્ટ, જી.આઈ.ડી.સી., હિંમતનગર,નીતાબેન પટેલ સહિત સેવાભાવી કાર્યકરોના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓને સ્વેટરનું વિતરણ કરાયું હતું. ભુતાવડ છાપરાં પ્રાથમીક શાળાના આચાર્ય,સ્ટાફ પરીવારએ સેવાભાવી દાતાઓની સેવાકીય પ્રવૃત્તીને બિરદાવી હતી.

# ખેડબ્રહ્મા તાલુકાના ઊંચીધનલ ગામમાં સેવા સેતુ ૩ વાગ્યે બંધ કરતા આક્રોશ

**સરકારના સમય અને પૈસાનો બગાડ કરતાં બાબુઓ**





ખેડબ્રહ્મા, તા.૪

ખેડબ્રહ્મા તાલુકા વહીવટી તંત્ર ધ્વારા તાલુકાની પ્રજાને તેના કામો તેના ઘર આગણે સેવાઓ મળી રહે અને સેવા સેતુ કાર્યક્રમમા સરકારની યોજનાઓ માટે લાભાર્થીઓને ધક્કા ખાવા ના પડે તે માટે તમામ સુવિધા ઓ એક જ જગ્યાએ પૂરી પાડવાં તે હેતુથી સરકાર ધ્વારા સેવા સેતુનું આયોજન કરવાંમાં આવે છે પરંતુ સરકારી બાબુઓને ઘરે જવાની ઉતાવળ હોય તેમ સેવા સેતુ વહેલો ઉકલાકે બંધ કરી દેવાનું બહાર આવ્યું છે,

ખેડબ્રહ્મા તાલુકાનાં ઊંચીધાનલ ગામે શનિવારના રોજ સેવા સેતુ રાખવાંમાં આવ્યો હતો જ્યાં ઊંચીધાનલ, તુવર, વિખરણ અને કલ્લેકા ગામના લોકો માટે સેવા સેતુનું આયોજન કરવામાં આવ્યું હતું પરંતુ ગામના રહીશ કેતનભાઈ પટેલ પૂર્વ ડે. સરપંચના જણાવ્યા અનુસાર સવારે ૯ થી ૫ નો સમય હતો પણ અધિકારીઓએ ૧૧ વાગે આવી કાર્યકર્મ ચાલુ કર્યો હતો. બપોરે ૩ વાગે ૫૦જેટલા લાભાર્થે હાજર હોવા છતાં અધિકારીઓએ ૩ વાગે બંધ કરી જતાં રહ્યા હતા ગામના રહીશ ના જણાવ્યા આનુસર અધિકારીઓને તેમના કામ હોય કે ઘરે જવાની ઉતાવળ હોય એમ વહેલું બંધ કરી જતાં રહેતા સરકારનો પ્રજાને સેવા આપવાનો હેતુ જળવાતો નથી તો સરકાર ધ્વારા યોગ્ય કરવાહી થાય તેવું લોકો પૂછી રહ્યા છે.

આ બાબતે ખેડબ્રહ્મા મહેસૂલ મામલતદાર હેમેન્દ્રસિંહ ને પૂછતા સોગંદનામાં ૩ વાગે બંધ થઈ જાય છે અને અમારે ઉચ્ચ કક્ષાએ રિપોર્ટ કરવાનો હોય છે. એટ્લે ૩ વાગે સેવા સેતુ બંધ કરવામાં આવ્યો છે

# યુજીવીસીએલની જાહેરાતમાં ડિગ્રી એન્જીનિયર અરજી ન કરી શકતાં રજૂઆત

**મોડાસાના વાલી દ્વારા એડિશનલ જનરલ મેનેજરને લેખિતમાં આવેદનપત્ર પાઠવવામાં આવ્યો : અગાઉની ભરતીમાં ડિગ્રી એન્જીનિયરને સ્નાતકકક્ષાના ગણી ભરતી કરાતી હતી**

મોડાસા, તા, ૪

ગુજરાતમાં વીજ કંપનીઓના અનેક ધાંધિયા લોકો સામે આવતા હોય છે. તેમાંય ચાલુ વર્ષે યુજીવીસીએલની વિદ્યુત સહાયકની જાહેરાતમાં બી.ઈ.ડિગ્રી એન્જીનિયરીંગ કરેલ ઉમેદવારો ઓનલાઈન અરજી કરી ન શકતાં ભારે રોષ ઉભો થયો છે. જેમાં અગાઉ થયેલ ભરતીમાં એન્જીનિયરીંગ કરેલ ઉમેદવારોને સ્નાતકકક્ષાના ગણીને ભરતી કરવામાં આવી હતી. ત્યારે તાજેતરમાં જ આવેલ જાહેરાતમાં એન્જીનિયરોને સ્નાતકકક્ષાના ન ગણ્યા હોય તેમ ઓનલાઈનમાં એપ્લીકેશન થઈ શકતી નથી. જેના પગલે મોડાસાના એક વાલીએ યુજીવીસીએલના એડિશનલ જનલર મેનેજરને લેખિત અરજી કરી પોતાનો રોષ ઠાલવ્યો હતો અને સ્નાતક કરતાં એક વર્ષ વધુ અભ્યાસ કરેલાને પણ યોગ્ય ન ગણવામાં આવતી આ નિતિને વખોડી હતી.

ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડની ગત ૨૬ ડિસેમ્બરના રોજ વિદ્યુતસહાયક (જુનિયર આસિસ્ટન્ટ)ની ભરતી માટેની જાહેરાત પ્રસિધ્ધ કરાઈ હતી. જેમાં ઓનલાઈન ફોર્મ ભરવાનું છે અને જેમ જેમ કોલમ ભરાતા જાય તેમ તેમ એપ્લીકેશન આગળ વધતી જાય છે. કંપનીએ માગ્યા પ્રમાણેના સંપૂર્ણ ડેટા ભરાઈ જાય ત્યારે જ ફોર્મ ભરાતું હોય છે. આ જાહેરાત સંદર્ભે મોડાસાના એક બી.ઈ.ડિગ્રી એન્જીનિયરે પણ ઉમેદવારી કરવા માટે ઓનલાઈન ફોર્મ ભરવાનું શરૂ કરતાં ફોર્મ ભરાયું ન હતું.

ઓનલાઈન ફોર્મ ન ભરાતાં ઉમેદવારના વાલી ધર્મેન્દ્રકુમાર શાહે ઉત્તર ગુજરાત વીજ કંપનીના એડિશનલ જનરલ મેનેજરને લેખિત રજૂઆત કરી હતી. જેમાં તેઓએ જણાવ્યું હતું કે ડિગ્રી એન્જીનિયરીંગમાં ૫૫ ટકા કરતાં વધુ માર્ક ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકતા નથી. આ અગાઉ જ્યારે પણ વિદ્યુત સહાયકના ફોર્મ ભરાયા હતા તેમાં બી.ઈ.ડિગ્રી એન્જીનિયરીંગ કરેલા ઉમેદવારોને લાયક ગણવામાં આવ્યા હતા અને તે સમયે ફોર્મ ભરાયા હતા. પરંતુ ગત વર્ષની અરજીઓ રદ કરી નવેસરથી જાહેરાત આવી તેમાં બી.ઈ.થયેલ ઉમેદવારોને અન્યાય થયો છે. હાલમાં હજારોની સંખ્યામાં બી.ઈ. થયેલા ઉમેદવારો બેકાર છે ત્યારે આવી જાહેરાતોમાંથી પણ તેઓને સ્નાતક સમકક્ષ ન ગણીને બાકાત રાખવામાં આવે તે અન્યાય છે. સરકારની જે સ્નાતકકક્ષાની જાહેરાત આવે તેમાં બી.ઈ.થયેલાને સ્નાતક સમકક્ષ ગણવામાં આવે છે અને તેઓ અરજીઓ પણ કરી શકે છે. ત્યારે ૨૬ ડિસેમ્બરે યુજીવીસીએલની જે જાહેરાત આવી તેમાં બી.ઈ.થયેલ ઉમેદવારોને બાકાત કેમ રખાયા ? આ અંગે તાત્કાલીક અસરથી ફરીથી જી.આર.બહાર પાડી બી.ઈ.ઉમેદવારો ફોર્મ ભરી શકે તેમ કરવામાં આવે તેવી માંગ કરી હતી.

### મોડાસાની તત્વ એન્જીનિયરીંગ કોલેજના ડાયરેક્ટર શું કહે છે ?

તાજેતરમાં યુજીવીસીએલ કંપનીએ વિદ્યુત સહાયકની જાહેરાત બહાર પાડી છે જેમાં બી.ઈ.ડિગ્રી એન્જીનિયરીંગ કરેલ ઉમેદવારોને સ્નાતક સમકક્ષ ન ગણ્યા હોય તેમ તેઓ ઓનલાઈન ફોર્મ ભરવામાં નિષ્ફળ થયા છે. આ અંગે મોડાસાની તત્વ એન્જીનિયરીંગ કોલેજના ડાયરેક્ટર જયદત્તસિંહ પુવાર સાથે વાત કરતાં તેઓએ જણાવ્યું હતું કે સરકાર રોજગાર આપવાને બદલે રોજગાર મળતો હોય તે પણ છીનવી લેતી હોય તેવું લાગી રહ્યું છે. બેરોજગારી વધારવાને બદલે તેઓને નવી તકો કે પ્રોત્સાહન આપવામાં આવે. સાથે સ્નાતક કરતાં પણ એક વર્ષ વધુ અભ્યાસ કરેલા ઉમેદવારોને સ્નાતકકક્ષાના ન ગણવામાં આવે તે તો અણધડ નિતિ કહેવાય અને જો સ્નાતકકક્ષાના ન ગણવામાં આવે તો આવા ઉમેદવારો માટે બીજી તકો ઉભી કરવામાં આવે અથવા એન્જિનિયરીંગ થયેલા વિદ્યાર્થીઓને સ્નાતકકક્ષાના ગણવામાં આવે.

# ખેડબ્રહ્મામાં તાલુકા પ્રાથમિક શિક્ષકોની મંડળીની ચૂંટણી યોજાઈ



ખેડબ્રહ્મા, તા.૪

ખેડબ્રહ્મા અને પોશીના તાલુકાના પ્રાથમિક શિક્ષકોની તાલુકા પ્રાથમિક ટીચર્સ કો.ઓ.ક્રેડિટ સોસાયટી લી. ખેડબ્રહમાં ની કારોબરી સભ્યોની મૂદત પૂર્ણ થતાં શનિવારના રોજ ખેડબ્રહ્મા તાલુકા શાળા ન. ૧ મા ચૂંટણી યોજાઈ હતી. આ ચૂંટણીમા ૧૩ કારોબારીની જગ્યા માટે ૧ મહિલા સાથે ૧૯ શિક્ષકોએ ઉમેદવારી કરી હતી. ચૂંટણી અધિકારી દિનેશભાઈ પટેલ અને મદદનીશ ચૂંટણી અધિકારી અમિત પટેલના જણાવ્યા અનુસાર ખેડબ્રહ્મા અને. પોશીના તાલુકાના ૧૪૭૪ શિક્ષકો મતદાન કરશે અને મતદાન માટે ચાર બુથ બનાવવામાં આવ્યા હતા અને દરેકે ૧૩ મત આપવા ફસરજીયાત છે મત ગણતરી રવિવારના રોજ સવારે ૮ કલાકે તાલુકા શાળામાં જ યોજાશે

# મુખ્યમંત્રીએ ખોડલાના વીર શહીદને ભાવભીની શ્રધ્ધાંજલિ પાઠવી ગહેરા દુઃખની લાગણી વ્યક્ત કરી



પાલનપુર, તા. ૪

પાલનપુર તાલુકાના ખોડલા ગામના બી.એસ.એફ.માં ફરજ બજાવતા જવાન સરદારભાઈ ભેમજીભાઈ બોકાનું ફરજ દરમ્યાન આકસ્મિક નિધન થતાં સમગ્ર જિલ્લામાં શોકની લાગણી છવાઈ છે ત્યારે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગહેરા દુઃખની લાગણી વ્યક્ત કરી વીર શહીદના પરિવારજનોને સાંત્વના પાઠવી છે. વીર શહીદને શ્રધ્ધાંજલિ પાઠવતા મુખ્યમંત્રીવિજયભાઈ રૂપાણીના શોકસંદેશને લઈ બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર તરફથી નાયબ કલેકટરશ્રી એફ. એ. બાબી અને મામલતદારશ્રી કમલભાઈ ચૌધરી ખોડલા મુકામે જઈને વીર શહીદના પરિવારજનોને મળી સન્માનપૂર્વક શોક સંદેશ અર્પણ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ શોક સંદેશામાં જણાવ્યું છે કે, અશ્રુભીની આંખ અને હૈયાની વેદના સાથે એ વીર સરદારને જ્યારે ગાર્ડ ઓફ ઓનર અને તિરંગાની હોળમાં લપેટાયેલો જોઈ, સૌના હૈયા ગર્વ અને ગમગીનીથી ઘેરાઈ ગયા છે.

આ ઘટનામાં હું આપના પરિવારની પડખે રહી આપ સૌને સાંત્વના પાઠવું છું. ભાઈ સરદાર સદા અમર રહે, એનો જ્યોતિર્મય આત્મા શાંતિ અને ગતિમુક્તિ પામે, વીર શહીદને મારી ભાવભીની શ્રધ્ધાંજલિ અર્પણ કરુ છું.